# D.El.Ed કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ,ગાંધીનગર

## પ્રવેશ વર્ષ ૨૦૨૬–૨૭

## કોલેજ પસંદગી બાબતની સૂચનાઓ ( ઉમેદવાર માટે )

- ઉમેદવારે પોતાના user ID અને password થી login થવાનું રહેશે.
- ત્યારબાદ ઉમેદવારોએ પોતે ધોરણ 10 અને ધોરણ 12 માં જે માધ્યમમાં અભ્યાસ કરેલ હશે તે જ માધ્યમની કોલેજો પૈકી પોતે જે જે કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હશે તેની online પસંદગી આપવાની રહેશે.
- ઉમેદવારોએ વ્યવસ્થિત રીતે સમજી – વિચારીને કોલેજોને પોતાની પસંદગી પ્રમાણે યોગ્ય રીતે ઉતરતા ક્રમમાં પસંદગી આપવાની રહેશે (જેમકે પ્રથમ ક્રમાંકે જે કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તે કોલેજ ૧ નંબર ઉપર, ત્યારબાદ ૨ નંબર ઉપર અને ૩ નંબર ઉપર આ રીતે ક્રમશઃ ઉમેદવાર ઈચ્છે તેટલી કોલેજની online પસંદગી આપી શકસે )
- ત્યારબાદ ઉમેદવારોએ lock બટન ઉપર ક્લિક કરીને Submit કરવાનું રહેશે, જ્યાં સુધી ઉમેદવાર દ્વારા Submit કરવામાં આવશે નહીં ત્યાં સુધી કોલેજ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયેલ ગણાશે નહીં અને આવા ઉમેદવારને પ્રવેશ ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- એક વખત કોલેજ પસંદગી submit કર્યા બાદ ઉમેદવાર તા.28/09/2026 સુધી પસંદ કરેલ કોલેજ યાદીમાં જો ફેરફાર કરવો હોય તો Unlock કર્યા બાદ સુધારા – વધારા કરી શકશે, પરંતુ unlock કર્યા બાદ ફરીથી સુધારો કરેલ હોય તો કોલેજની પસંદગી જ્યાં સુધી ફરીથી Submit કરવામાં આવશે નહીં ત્યાં સુધી કોલેજ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયેલ ગણાશે નહીં અને આવા ઉમેદવારને પ્રવેશ ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

## કોલેજ કન્ફર્મ કરવા બાબતેની સૂચનાઓ ( ઉમેદવાર માટે )

- પ્રથમ તબક્કાની પ્રવેશ ફાળવણી જાહેર થયા બાદ ઉમેદવારોએ Online Portal પરથી Allotment letter ડાઉનલોડ કરી જે કોલેજ ફાળવવામાં આવી છે તે કોલેજમાં અસલ પ્રમાણપત્રો અને સ્વપ્રમાણિત કરેલ ઝેરોક્ષના બે સેટ સાથે લઈ જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.
- જે ઉમેદવારોના પ્રવાહ /માધ્યમ/અનામત કેટેગરી કે દિવ્યાંગતા જેવી બાબતોમાં વિસંગતતા જણાશે તો પ્રવેશ કન્ફર્મ કરવામાં આવશે નહીં અને આવા ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે.
- પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે ચકાસણી દરમિયાન રજૂ કરેલ દરેક પ્રમાણપત્રો / online ફોર્મમાં ભરેલ માહીતી સાચી જણાશે તો તેવા ઉમેદવારની સંમતિથી પ્રવેશ કન્ફર્મ કરવામાં આવશે.
- જો વિદ્યાર્થી એડમિશન કન્ફર્મ કરાવવા માંગતો નથી તો સંસ્થામાં જશે નહીં અથવા OTP આપશે નહીં. આવા ઉમેદવારો તેઓને ફાળવવામાં આવેલ કોલેજમાં પ્રવેશ લેવા ઇચ્છતા નથી તેમ સમજી તે બેઠક ખાલી ગણી આગળની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- એવા ઉમેદવારો કે જેમણે કોલેજ પસંદ કરેલ નથી અથવા પ્રથમ તબક્કામાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ નથી તેઓ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે પરંતુ બીજા રાઉન્ડ વખતે ઉપલબ્ધ ખાલી બેઠકો પર જ પ્રવેશ મળવા પાત્ર થશે.
- ઉમેદવારે પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે પોતાના રજીસ્ટર મોબાઇલ નંબર ઉપર આવેલ OTP સંસ્થાને આપવાનો રહેશે ત્યારબાદ સંસ્થા આ OTP વડે પ્રવેશ કન્ફર્મ કરેશે તો Admission letter જનરેટ થશે જેના ઉપર ઉમેદવારે અને સંસ્થાના આચાર્યશ્રીની સહી –સીક્કા કરવાના રહેશે.

**તા.૨૪/૦૯/૨૦૨૬**